ક્રમાંક:જીસીવીટી/પરીક્ષા/૨૦૧૦/ ૧૪૮૧૬
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશ્નલ ટ્રેનીગ
બ્લોક નં–૮, ત્રીજો માળ,ડો.જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર.–૩૮૨૦૧૦
તારીખ:–૧૫/૧૦/૨૦૧૦

**વંચાણે લીધો:–**

**(૧) શ્રમ અને રોજગાર વિભાગના તા.૦૮/૦૬/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક:તલમ/૧૨૨૦૧૦/૧૩૬/૨(૨)**
**(૨) નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગાંધીનગરના તા.૧૪–૦૭/૧૦ ના પત્ર**
**ક્રમાંક:સીટીએસ/ચ–૦૧/છઅછ/૨૦૧૦–૧૦/૪૩૬૫**

**પરીપત્ર:–**

રોજગાર અને તાલીમ નિયામકશ્રી કચેરી હેઠળ વિવિધ તાલીમ સંસ્થાઓ તેમજ અન્ય ખાતાઓ /સંસ્થાઓ ધ્વારા ચાલતી અલગ અલગ યોજનાઓ પૈકી કેટલીક પરીક્ષાઓ ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીગ, ગાંધીનગર ધ્વારા લેવામાં આવે છે. રાજયમાં અલગ અલગ K.V.K. કેન્દ્રોમાં વિવિધ કોર્ષ શરુ કરવામાં આવેલ છે. આવા K.V.K. કેન્દ્રોમાં તાલીમ મેળવતા તાલીમાર્થીઓની તાલીમ પૂર્ણ થયા બાદ પરીક્ષા યોજવાની રહે છે. વહીવટી સુવિધા તેમજ પરીક્ષાતંત્રમાં એકસૂત્રતા લાવવા માટે હાલ પુરતી વ્યવસ્થા તરીકે નીચે પ્રમાણેની કાર્યવાહી કરવાની રહેશે.

૧. એડમીશનની કાર્યવાહી સામાન્ય રીતે એક સાથે જ શરૂ થાય અને અલગ અલગ સંસ્થામાં એક સાથે જ કોર્ષ શરૂ થાય તે માટેની ઉચિત કાર્યવાહી સંબંધિત વહીવટી શાખાએ નિયંત્રિત કરવાની રહેશે.

૨. જે તે પરીક્ષામાં બેસવાપાત્ર ઉમેદવારોના બાયોડેટાની સંબંધિત કેન્દ્રના કો–ઓર્ડીનેટર ધ્વારા પ્રમાણિત કરાયેલ હાર્ડ કોપી તેમજ નિયત પ્રોગ્રામ ધ્વારા એનાયત કરેલ સોફટકોપી માં જે તે માસની પાંચમી તારીખ સુધીમાં જી.સી.વી.ટી.ની કચેરી ખાતે મોકલી આપવાની રહેશે અને આ બાબતની જાણ નાયબ નિયામકશ્રીને પણ કરવાની રહશે.
E-Mail **gcvtkvk@gmail.com**

૩. મોડી પરીક્ષા અંગે ઉપસ્થિત થતી કોઈ પણ બાબતની જવાબદારી સમય મર્યાદામાં પરીક્ષાનો ડેટા નહી મોકલનાર સંસ્થાના સંબંધિત કે.વી.કે. કો–ઓર્ડીનેટરઅને સંસ્થાના વડાની રહેશે. આ અંગેનો કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

૪. પરીક્ષા જે તે કેન્દ્ર / સંલગ્ન આઈ.ટી.આઈ. ધ્વારા ઉકત પરીક્ષા માળખા મુજબ કેન્દ્ર ધ્વારા તૈયાર કરેલ ત્રણ સેટ પેપરમાંથી એક સેટ સ્થાનિય ત્રણ સભ્યોની પરીક્ષા કમીટી બનાવી તેના ધ્વારા એક સેટ પસંદ કરી પરીક્ષાના સુચવ્યા મુજબ માળખા પ્રમાણે જે તે કેન્દ્ર ખાતે **દર માસની ૨૮ તારીખે** યોજવાની રહેશે. જો તાલીમનો સમયગાળો ૨૮ તારીખ બાદ પૂર્ણ થતો હોય તો તાલીમનો સમય પૂર્ણ થયા બાદ બીજા મહીનાની ૨૮ તારીખે પરીક્ષા યોજવાની રહેશે. તે દિવસે જાહેર રજા આવતી હોય તો ત્યાર પછીના કામના દિવસે પરીક્ષા યોજવી. અને પરીણામ જી.સી.વી.ટી.ના પ્રોગ્રામમાં એન્ટ્રી કરી સંબંધિત પ્રાદેશિક કચેરીને પરીક્ષા પૂર્ણ થયાના બીજા દિવસે જમાં કરાવવાના રહેશે. સંબંધિત પ્રાદેશિક કચેરીએ ત્રીજા દિવસે પરીણામ જી.સી.વી.ટી. ખાતે જમા કરાવવાનું રહેશે.આ વ્યવસ્થા જીસીવીટી દ્વારા અન્ય સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી ચાલુ રાખવાની રહેશે.

૫. કે.વી.કે. કેન્દ્રો ખાતે પરીક્ષાનું માળખુ નીચે મુજબ રાખવાનું રહેશે.

એમ.ઈ.એસ.-જી.સી.વી.ટી ના છ માસથી ઓછા સમયગાળાના અભ્યાસક્રમો

| | | | |
|---|---|---|---|
| થિયરી–૫૦ માર્કસ | પાસીગ–૨૦(૪૦%) | સમયગાળો | ૨ કલાક |
| પ્રેકટીકલ–૧૫૦ માર્કસ | પાસીગ–૯૦(૬૦%) | સમયગાળો | ૪ કલાક |

જેમાં પ્રેકટીકલ ૧૫૦ માર્કસ પૈકી (કવોલીટી, ચોકસાઈ, સેફટી,એટીટયુડ ના માર્કસ આવરી લેવા)

૬. થીયરી/પ્રેકટીકલ પરીક્ષણ તાલીમ આપનાર ઈન્સ્ટ્રકટર સિવાય ઈન્ડસ્ટ્રીઝ / આઈ.ટી.આઈ. ના એકસપર્ટ ધ્વારા કરાવવુ.

૭. કેન્દ્ર ખાતે ઉમેદવારને પ્રમાણપત્ર ઈશ્યુ કરવા રજીસ્ટર નિભાવવુ.

૮. કે.વી.કે.ની G.C.V.T. ધ્વારા લેવાની પરીક્ષા સફળતા પૂર્વક ઉત્તીર્ણ કરનાર ઉમેદવારને જી.સી.વી.ટી. દ્વારા ટુંકાગાળાનું સર્ટીફીકેટ આપવામાં આવશે.

૯. G.C.V.T. ધ્વારા કે.વી.કે.ની પરીક્ષા માટે પ્રશ્ન બેંક તૈયાર કરવાની હોઈ તે માટે વિવિધ વ્યવસાયો માટે પ્રશ્નોની બેંક તૈયાર કરવા માટે દરેક કેન્દ્રએ તેમને ત્યાં ચાલતા તમામ વ્યવસાય દીઠ ૩૦૦ સબજેકટીવ તથા ૫૦ ઓબજેકટીવ તથા ૧૦૦ પ્રેકટીકલ પ્રશ્નો તૈયાર કરવા

૧૦ ભારત સરકારશ્રી ધ્વારા યોજાતી પરીક્ષાઓ / રાષ્ટ્રીયકક્ષાની પરીક્ષા આધારિત કૌશલ્ય સ્પર્ધાઓ અથવા અન્ય સત્તાધિકારી ધ્વારા નિયત કરવામાં આવતી પરીક્ષાની તારીખોને ઉપરોકત ટાઈમ શીડયુલ લાગુ પડશે નહી. પરંતુ તેવી પરીક્ષાઓ તેના મૂળ સમયપત્રક/ સૂચનાઓ મુજબ લેવાની રહેશે.

18/1

નાયબ નિયંત્રક ( પરીક્ષા )
ગુજ.કાઉ.ઓફ વોકે.ટ્રેનીગ
ગાંધીનગર..

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ કે.વી.કે. કેન્દ્રો તરફ.....

<u>નકલ સવિનય રવાનાઃ–</u>
(૧) નાયબ નિયામકશ્રી (તાલીમ) ની પ્રાદેશિક કચેરી, અમદાવાદ/ વડોદરા/ રાજકોટ/સુરત
(૨) મદદનીશ નિયામકશ્રી, શાખા–'ચ' તેમજ 'ઘ' તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.